# જેટ ફયુઅલની કિંમત વધતા વિમાની યાત્રા મોંઘી

નવી દિલ્હી,તા.૪

જેટ ફયુઅલની કિંમતમાં જંગી વધારો ઝીંકી દેવામાં આવ્યા બાદ તેની અસર દેખાવા લાગી ગઈ છે. વિમાની યાત્રા મોંઘી શરૂ થવાની શરૂઆત થઈ ચૂકી છે. એરલાઈન્સ દ્વારા વિમાની ભાડામાં ૩૦ ટકા સુધીનો વધારો કરવાની તૈયારી કરી દીધી છે. લો કોસ્ટ કેરિયર સ્પાઈસ જેટે તાત્કાલિક ધોરણે સ્પોટ અને એડવાન્સ ખરીદી ટિકિટ બંનેના ભાડામાં વધારો કરી દીધો છે. લો કોસ્ટ સ્પાઈસ જેટે વિમાની ભાડામાં ૨૫ ટકા સુધીનો વધારો કરી દીધા બાદ એર ઈન્ડિયા અને જેટ પણ આ દિશામાં આગળ વધીને વિમાની ભાડામાં કોઈપણ સમયે વધારો કરવાની જાહેરાત કરી શકે છે. આ વધારાના પરિણામ સ્વરૂપે દિલ્હી-મુંબઈના સ્પોટ ભાડાં અગાઉ છથી સાત હજારની રેન્જથી વધીને ૧૦ હજાર સુધી પહોંચી ગયા છે. એર ઈન્ડિયાના વરિષ્ઠ અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે તે પણ કોઈપણ સમયે વિમાની ભાડામાં વધારો કરવાની જાહેરાત કરશે. અન્ય લો કોસ્ટ કેરિયર દ્વારા હજુ સુધી કોઈપણ પ્રતિક્રિયા કરવામાં આવી નથી. એડવાન્સ ખરીદી ટિકિટ ભાડામાં વધારો કરવાનો મતલબ એ છે કે આવનાર તહેવારની સિઝનમાં જો વિમાની યાત્રા કરવા ટિકિટની ખરીદી કરવામાં આવી રહી છે તો ઊંચી કિંમતથી બચી શકાશે નહીં. અધિકારીઓએ માહિતી આપતા કહ્યું છે કે હાલમાં મંદીની સિઝન ચાલી રહી છે.

આવી સ્થિતિમાં વિમાની ભાડામાં વધારો કરવાની બાબત કોઈ યોગ્ય નિર્ણય નથી પરંતુ નવેસરના જેટ ફયુઅલની કિંમતમાં તીવ્ર વધારો કરવામાં આવ્યા બાદ એરલાઈન્સો પાસે હવે કોઈપણ વિકલ્પ નથી. વિમાની યાત્રીઓ ઉપર બોજ નહીં ઝીંકવાની સ્થિતિમાં કોઈપણ એરલાઈન્સની હાલત કિંગફિશર જેવી થઈ શકે છે. આ જ કારણસર વિમાની ભાડામાં વધારો ઝીંકવામાં આવ્યો છે. ઓઈલ પીએસયુ દ્વારા હાલમાં જ એવીએશન ટરબાઈન ફયુઅલની કિંમતમાં સાત ટકા સુધીનો વધારો કરવામાં આવ્યો હતો. આની સાથે જ ભારતમાં એટીએફની કિંમત સૌથી વધુ થઈ ગઈ છે. સતત વધારો કરવામાં આવ્યા બાદ એટીએફની કિંમતમાં જુલાઈ-સપ્ટેમ્બરના ગાળામાં ૨૨ ટકાનો વધારો કરવામાં આવ્યો હતો.




## કોલસા કાંડ : લાપતા ફાઈલો મામલે બંને ગૃહોમાં હોબાળો

### લાપતા ફાઈલોના મામલામાં એફઆઈઆર કેમ કરવામાં આવી નથી : સુષ્માએ વેધક પ્રશ્ન કર્યો

નવીદિલ્હી,તા. ૪

લોકસભામાં વિપક્ષનાનેતા સુષ્મા સ્વરાજે કોલસા કૌભાંડ સાથે સંકળાયેલી મહત્વપૂર્ણ ફાઈલો ગુમ થવાના મામલે યુપીએ સરકાર પર આજે આકરા પ્રહારો કર્યા હતા. આજે લોકસભામાં સુષ્મા સ્વરાજે સરકાર પર પ્રહાર કરતા કહ્યુ હતુ કે જો આ મામલા સાથે સંકળાયેલી ઘણી બધી ફાઈલો ગુમ થઈ છે તો સરકારે આ સંબંધમાં એફઆઈઆર કેમ દાખલ કરી નથી. સુષ્માએ સરકારના ઈરાદા પર પ્રશ્નો ઉઠાવતા જણાવ્યુ હતુ કે સરકાર ગુમ થેયલી ફાઈલોને શોધી કાઢવામાં રસ ધરાવતી નથી. હકીકતમાં સરકારને ફાઈલો ફરી મળે તેવી ઈચ્છા નથી. સુષ્માએ એમ પણ કહ્યુ હતુ કે આમા વડાપ્રધાન સામેલ છે જેથી આ મામલો ખૂબજ ગંભીર છે. તેમણે એમપણ કહ્યુ હતુ કે આ મામલાની ગંભીરતાને ધ્યાનમાં લઈને વડાપ્રધાનને પણ ચકાસણી માટે આગળ આવવું જોઈએ. સુષ્માએ વડાપ્રધાને ગઈકાલે આપવામાં આવેલા નિવેદનને ફગાવી દેતા કહ્યુ હતુકે લાપતા થયેલી ફાઈલોના સંબંધમાં હજુ સુધી એફઆઈઆર કેમ દાખલ કરવામાં આવી નથી તેનો સરકારે જવાબ આપનો જોઈએ. વડાપ્રધાને પણ ખુલાસો કરવો જોઈએ. સંસદની કામગીરી શરૂ થવાની સાથે જ ભાજપના સભ્યોએ બંને ગૃહોમાં કોલસા કૌભાંડમાં લાપતા થયેલી ફાઈલોના મામલે હોબાળો મચાવ્યો હતો. રાજ્યસભામાં પણ ભાજપના સભ્યો આક્રમક મૂડમાં દેખાયા હતા અને કોલસા મંત્રાલયની ફાઈલો લાપતા થવાને લઈને આકરા પ્રહારો કર્યા હતા.

## આસારામની જામીન અરજી જોધપુરની કોર્ટે ફગાવી દીધી

જોધુપર,તા. ૪

બળાત્કારના ગંભીર પ્રકારના આક્ષેપનો સામનો કરી રહેલા અને હાલમાં જ્યુડિશિયલ કસ્ટડીમાં રહેલા આસારામ બાપુને હજુ જેલમાં જ રહેવું પડશે કારણ કે જોધુપરના અદાલતમાં આસારામ બાપુની જામીન અરજીને ફગાવી દીધી હતી. જોધપુર રુરલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજે જામીન અરજી ફગાવી દીધી હતી. આ જામીન અરજી પર તમામ લોકોની નજર કેન્દ્રિત હતી. આસારામ તરફથી જામીન માટે જોરદાર દલીલો કરવામાં આવી હતી. સગીરા પર બળાત્કારના આક્ષેપોનો સામનો કરી રહેલા આસારામ હાલ જોધપુરની જેલમાં છે. કોર્ટે અગાઉ ૧૫મી સપ્ટેમ્બર સુધી આસારામને જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી દીધા હતા. અગાઉ પ્રોશિક્યુશને આ કેસમાં જામીન અરજીનો વિરોધ કરીને કહ્યુ હતુ કે આસારામને જામીન આપવાની સ્થિતિમાં તપાસને અસર થઈ શકે છે. પ્રોસિક્યુશને કોર્ટમાં કહ્યુ હતુ કે તપાસ દરમિયાન આસારામે પોલીસને લાંચ આપવાના અને પ્રભુત્વ જમાવવાના પ્રયાસ કર્યા હતા. આ તમામ વાસ્તવિકતાને ધ્યાનમાં લઈને એવું લાગે છે કે આસારામ જો જામીન મળશે તો તપાસ આડે અડચણ ઉભી કરશે. એડિશનલ એડવોકેટ જનરલ આનંદ પુરોહિતે કહ્યુ હતુ કે એફઆઈઆરમાં બે લોકોના નામનો ઉલ્લેખ છે જેમાં શિલ્પી જે છિંદવાડા ગુરુકુલમાં હોસ્ટેલના વોર્ડન છે જ્યારે બીજા સરબ છે જે ગુરુકુળમાં રખેવાળ તરીકે છે. આ બંને ફરાર છે જેથી તપાસને પૂર્ણ કરવા તેમની પુછપરછ જરૂરી છે.



જોધપુરના બદલે દિલ્હીમાં એફઆઈઆર નોંધવાની બાબતને તેઓએ વાજબી ઠેરવી હતી અને કહ્યુ હતુકે સગીરાએ જ સૌથી પહેલા તેના માતાપિતાને તેની સાથે શું બન્યુ તે અંગે માહિતી આપી ન હતી. જ્યારે તેમના માતાપિતાને આ બનાવ અંગે માહિતી આપી ત્યારે તેઓ દિલ્હી આવ્યા હતા. દલીલો બાદ કોર્ટે ચુકાદો અનામત રાખ્યો હતો. પરંતુ મોડેથી આસારામને જામીન આપવાનો ઈન્કાર કરી દેવામાં આવ્યો હતો. આસારામની શનિવારની રાત્રે ઈન્દોરમાંથી ધરપકડ કરવામાં આવી હતી.

## ફૂડ બિલ અંગે ટૂંકમાં જ મહત્વપૂર્ણ બેઠકો યોજાશે

નવી દિલ્હી,તા. ૪

સંસદે ફૂડ સિક્યુરિટી બિલને મંજૂર કરી દીધાના એક દિવસ બાદ જ કેન્દ્ર સરકારે હવે આને ગંભીરતાપૂર્વક અમલી બનાવવાની દિશામાં પણ હિલચાલ હાથ ધરી દીધી છે. મળેલી માહિતી મુજબ કેન્દ્ર સરકારે હવે રાજ્યોના ખાદ્યાન પ્રધાનોની એક મિટીંગ બોલાવી છે જેમાં ખાદ્યાન પ્રધાનો ઉપરાંત સેક્રેટરીઓ પણ ઉપસ્થિત રહેશે. આ સ્કીમ આગામી લોકસભાની ચૂંટણીની પહેલા યોગ્ય રીતે અમલી બને તેનો હેતુ રાખવામાં આવ્યો છે. આ મિટીંગમાં ખાદ્યાન મંત્રાલય દ્વારા રાજ્ય સરકારની ચિંતાને દૂર કરવાના પ્રયાસો કરશે. ખાદ્યાન પ્રધાન કે વી થોમસ દ્વારા પ્રથમ વખત આબેઠક બોલાવવામાં આવી છે.

સંસદના બંને ગૃહોમાં બિલ પસાર કર્યા બાદ હવે આગામી થોડાક દિવસોમાં રાષ્ટ્રપતિની મંજૂરી મેળવવામાં આવશે. રાજ્યોના ખાદ્યાન સચિવોની બેઠક ૨૩મી સપ્ટેમ્બરના દિવસે મળશે.

## સમાચાર ઝલક

- સિરિયામાં મિસાઇલ હુમલાથી સમગ્ર વિશ્વ સ્તબ્ધ.
- વિમાનયાત્રા મોંઘી ટૂંકમાં ભાડામાં વધારો થશે.
- મોટા કલાકારો સાથે કામ કરવા અભિનેત્રી પરિણિતીનો ઇન્કાર.
- ડોલર સામે રૂપિયો ૭૨ની સપાટી પહોંચે તેવી શક્યતા.
- ફુકુસીમા ન્યુક્લિયર કટોકટી દૂર કરવા જાપાને કમર કસી.
- સાયન્સ સેમેસ્ટર-૧૧ની પરીક્ષા ૨૪મી ઓક્ટોબરથી શરૂ થશે.
- ભારતમાં દહેજનાં ખપ્પરમાં દર કલાકે એક મહિલાનું મોત : રીપોર્ટ.
- અપ્રમાણસર મિલ્કત ધરાવતા રાપરના સબ રજીસ્ટ્રર વિરૂદ્ધ એ.સી.બી.માં ફરિયાદ.
- જીવનવીમા કોર્પોરેશન ૪૫ ઇન્વેસ્ટમેન્ટ પોલીસીઓ બંધ.
- ગેસ, ડીઝલ, કેરોસીનમાં તોળાતો ભાવવધારો.
- રાજયમાં સગીરાઓ પર બળાત્કારની ઘટના દિનપ્રતિદિન વધી રહી છે.
- ત્રાસ આપતા પતિની હત્યા કરીને પત્નીએ તેની લાશના ટુકડા કુકરમાં રાંધી દીધા.
- ગુજરાતમાં ચોમાસાએ માત્ર બ્રેક લીધો છે, હજુ વરસાદના યોગ છે.
- તરણેતરના મેળામાં મોજમસ્તી કરવા પ્રવાસ નિગમ દ્વારા પેકેજ.
- દિવસમાં ૪ કપ ચા પીવાથી લિવર સ્વસ્થ રહે : રિપોર્ટ.
- ડિઝલમાં ભાવ વધવાથી એસ.ટી.ને કરોડોની ખોટ.
- આર્થિક વૃદ્ધિને વેગ આપવા સસ્તુ ધિરાણ આવશ્યક : નિષ્ણાતોનો મત.
- ૩ વર્ષનું બાળક થાય પછી જ બાલમંદિરમાં દાખલ કરી શકાશે.
- ભ્રષ્ટાચાર બેફામ ફરિયાદો ૧૧૩ ટકા વધી, રેલ્વે, બેંક, ઇન્કમટેક્સમાં સૌથી વધુ ભ્રષ્ટાચાર.
- ગાંધીગ્રામ પોલીસ મથકમાં એ.એસ.આઇ.એ લાખોનો મુદ્દામાલ ઉપાચત કર્યો.
- સાધુ-સંતો મહિલાઓને એકાંતમાં ન મળે, યોગગુરૂ બાબા રામદેવની સલાહ.
- ભણવા જવું ન પડે, એટલે વિદ્યાર્થીઓએ ઇંગ્લેન્ડમાં સ્કૂલ સળગાવી.
- પડધરીમાં પ્રૌઢની નજર ચુકવી ટેણીયો ૨ લાખ તફડાવી ગયો.
- ૬૪ વર્ષીય મહિલાએ કયુબાથી ફલોરિડાની સમુદ્ર ખાડી પાર કરી.
- ચેમ્પિયન લીગમાં પાંચ મેચ હવે અમદાવાદમાં રમાશે.
- ગુજરાતમાં આઇ.બી. અને એન.આઇ.એ.ની ટીમનું સઘન કોમ્બીંગ.
- દિલ્હીમાં ૨૪ કલાકમાં ચાર, મુંબઇમાં બે બળાત્કાર.
- કાશ્મીર બન્યું આત્મહત્યાનું સ્વર્ગ, ૬ માસમાં ૩૦૦ કાશ્મીરીઓએ આત્મહત્યા કરી.

# કલંકિત સાંસદોને કોઈ રાહત ન મળી

### કેન્દ્રની અરજી ફગાવાઈ : જેલથી ચૂંટણી ન લડવાના મામલે અરજી પર સુનાવણી કરાશે : ફોજદારી મામલામાં અપરાધી સાંસદ અથવા ધારાસભ્યને ગેરલાયક જાહેર કરવા અંગે તેના ચુકાદાની સમીક્ષા કરવા માંગ કરતી અરજી સુપ્રીમે ફગાવી

નવી દિલ્હી,તા. ૪

એક મહત્વપૂર્ણ ઘટનાક્રમમાં સુપ્રીમકોર્ટે આક્રમક વલણ અપનાવીને અપરાધી રાજકારણીઓનામામલે કેન્દ્ર સરકારની સમીક્ષા અરજી પર સુનાવણી કરવાનો ઈન્કાર કરી દીધો છે. આની સાથે જ દોષિત અને અપરાધી સાંસદોને કોઈ પણ રાહત નહીં મળવાની શક્યતા દેખાઈ રહી છે. ફોજદારી કેસોમાં અપરાધી જાહેર થઈ ચુકેલા સાંસદો અને ધારાસભ્યોને ગેરલાયક ઠેરવવા અંગે તેના ચુકાદાની સમીક્ષાની માંગ કરીને દાખલ કરવામાં આવેલી કેન્દ્રની અરજી પર સુનાવણી ચલાવવાનો સુપ્રીમ કોર્ટેસાફ ઈન્કાર કરી દીધોહતો. સુપ્રીમ કોર્ટે લોકપ્રતિનિધિઓ સાથે જોડાયેલા બે મહત્વપૂર્ણ મામલાઓમાં ચુકાદા આપ્યા હતા. એક બાજુ સુપ્રીમ કોર્ટેબે વર્ષથી વધુની સજા ફટકારવાના કેસમાં કોઈ પણ સાંસદ અથવા તો ધારાસભ્યના સભ્યપદને ખતમ કરવા સાથે સંબંધિત મામલામાં કેન્દ્ર સરકાર દ્વારા દાખલ કરવામાં આવેલી સમીક્ષા અરજીને ફગાવી દીધી હતી. બીજી બાજુ જેલમાંથી ચૂંટણી ન લડવાના મામલામાં દાખલ કરવામાં આવેલી કેન્દ્ર સરકારની આવી મરજી કોર્ટે સુનાવણી માટે મંજુરી કરી દીધી હતી. અપરાધી રાજકારણીઓએ લઈને સુપ્રીમ કોર્ટે હાલમાં લાલ આંખ કરી છે.

અગાઉ કેન્દ્રિય કેબિનેટે ૨૨મી ઓગસ્ટના દિવસે મતદાનના અધિકારને સસ્પેન્ડ કરતી વેળા કોર્ટમાં ચુકાદો પેન્ડિંગ રહે ત્યા સુદી સભ્યપદને જાળવી રાખવા અપરાધી સભ્યોને મંજુરી આપવાની દરખાસ્ત માન્ય રાખી હતી. લોકપ્રતિનિધીત્વ ધારામાં સુધારો કરવા કાયદા મંત્રાલયની દરખાસ્ત પણ આવી ચુકી છે. અત્રે નોંધનીય છે કે ગયા મહિનાની ૧૦મી અને ૧૧મી તારીખે સુપ્રીમ કોર્ટે સાંસદો અને ધારાસભ્યો સાથે સંકળાયેલા બે મહત્વપૂર્ણ મામલાઓમાં ઐતિહાસિક ચુકાદો આપ્યો હતો. ૧૦મી જુલાઈના દિવસે પોતાના ચુકાદામાં સુપ્રીમ કોર્ટે કહ્યુ હતુકે કોઈ પણ મામલામાં કોઈ પણ કોર્ટ જો કોઈ સાંસદ અથવા ધારાસભ્યને બે વર્ષથી વધુની સજા ફટકારે છે તો સાંસદ આ સજાની સામે ઉપરી કોર્ટમાં અપીલ કરે તો પણ તેના સભ્યપદને તાત્કાલિક રીતે રદ કરવામાં આવશે. અગાઉ અપીલ કરવામાં આવ્યા બાદ ઉપરી કોર્ટના ચુકાદા સુધી મેમ્બરશીપને જાળવી રાખવામાં આવતી હતી. ૧૧મી ઓગસ્ટના દિવસે પણ સુપ્રીમ કોર્ટે અન્ય ઐતિહાસિક ચુકાદો આપ્યો હતો જેમાં જણાવવામાં આવ્યુ હતુ કે જો કોઈ શખ્સ કોઈ કારણસર જેલમાં છે એટલેકે તે મત આપવાની સ્થિતિમાં નથી તો તેને ચૂંટણી લડવાનો પણ અધિકાર રહેશે નહીં. હજુ સુધી અનેક નેતા જેલની અંદરથી પણ ચૂંટણી લડે છે. આમાથી ઘણા જીતી પણ જાય છે. કેન્દ્ર સરકારે આ બંને ઐતિહાસિક ચુકાદા સામે સમીક્ષા અરજી દાખલ કરી હતી.

### આજે શિક્ષક દિન (પાના નં. ૪ નું ચાલુ)

શિક્ષણના વ્યવસાયમાં પ્રવેશદ્વાર શિક્ષકો માટે પણ આવા અનુકરણીય આદર્શો અને વિદ્યાનિષ્ઠાથી ઝળહળતા અધ્યાપકોનું શિક્ષણ-માર્ગદર્શન આકાશ કુસુમવત્ બનતું જાય છે. અભ્યાસક્રમમાં 'ક્રમ' અને 'સમાપ્તિ' ને મહત્ત્વ છે, પણ હેઠા હૈયે ભણાવવાની અને વિદ્યાર્થીના વ્યક્તિત્વ ઘડતરમાં રસ લેવાની અને એના અંતઃકરણમાં ડોકિયું કરવાની તક નથી. કારણ કે એણે વિદ્યાર્થીને 'કલાસ' અને 'માર્ક્સ'માં મોખરાનું સ્થાન અપાવવા માટે 'પરીક્ષાલક્ષી' બનાવવાનું ધ્યેય નજર સમક્ષ રાખવાનું છે.

વિનોબાજી કહેતા કે શિક્ષણમાં ત્રણ વસ્તુઓ મહત્ત્વની છે. એક યોગ, બીજો ઉદ્યોગ અને ત્રીજો સહયોગ આ ત્રણે પર ભાર મુકવો આવશ્યક છે. બુદ્ધિનો વિકાસ થાય પણ વૃત્તિનો પરિષ્કાર ન થાય તો સમાજમાં રાવણ, દુર્યોધન, શકુનિઓ અને કંસની સંખ્યા વધતી જાય પરિણામે સમાજમાં - દેશમાં દુનિયામાં અરાજકતા સર્જાય! ટી.એસ. ઇલિયટની વેધક ટકોર ઘણું બધું કહી જાય છે : "બીજા યુગો અજ્ઞાનથી અંધ હતા, પણ આજનો યુગ જ્ઞાનથી અંધ છે! આપણે અહંકારી સંસ્કૃતિ વિકસાવી રહ્યા છીએ."

### સખીને પત્ર (પાના નં. ૪નું ચાલુ)

એ ટાપુનો વિકાસ કરવાનો તેણે હુકમ કર્યો. પાણીનું સંકટ અને અનાજની અછત ન થાય તે માટે કુવા, ખેત તલાવડી અને તળાવો ખોદાવ્યા અને જમીનના ટુકડા પર ખેતી શરૂ કરાવી. જોત જોતામાં એ ભેંકાર ટાપુ નંદનવન બની ગયો.

દસ વર્ષ બાદ જયારે તેને એ ટાપુ પર જવાનો વારો આવ્યો ત્યારે અને સહેજ પર મુશ્કેલી ન પડી. કારણ કે હવે ટાપુ પર હાડમારી નહિ પણ સમૃદ્ધિ લહેરાતી હતી. આમ તે માણસનો તો જીવ બચ્યો જ પણ ભવિષ્યના રાજાઓનું જીવન પણ સુરક્ષિત બન્યું.

આપણી ભવિષ્યની પેઢીને જો સુરક્ષિત રાખવી હશે તો પ્રત્યેક અન્યાય સામે અવાજ ઉઠાવવાથી માંડીને જરૂર પડ્યે આકરા પગલાં લેવાની શરૂઆત આજથી જ કરવી પડશે. અત્યારે આપણે સ્વામી વિવેકાનંદજીની દોડસોમી જન્મજયંતી ઉજવી રહ્યાં છીએ ત્યારે તેમને જ આપણો આદર્શ કેમ ન માનીએ? રઘુવરી ચૌધરીના 'ડીમ લાઇટ' એકાંકીનું એક પાત્ર કહે છે કે, 'મને તો આ માયકાંગલી અને વ્યસનોને કારણે ચાલીસ-પચાસ વર્ષની ઉંમરમાં જ લાતરીને પૂણી જેવી થઇ જતી પરજા જોઇને શંકા થાય છે કે કયાંક આપણું બી તો બગડી નથી ગયું ને? માણસનું બીજ સડી તો નથી ગયું ને?' કાયરતા અને નિર્માલ્ય પ્રજાના વાહક બનવા કરતાં જાગીએ. હમણાં નર્મદની જન્મજયંતી ઉજવાઇ ગઇ. (આજના યુવાનોને તો એ પણ ખબર નહીં હોય!) ત્યારે તેનાં શબ્દો અને જુસ્સાને આપણાં રોમ-રોમમાં પ્રગટ કરીએ -

"સૌ ચાલો જીતવા જંગ બ્યૂગલો વાગે આજે;
યા હોમ! કરીને પડો ફત્તેહ છે આગે."

- તારી સ્વાતિ

## એક જ દિવસમાં ૧૨.૭૨ લાખ રેલવે ઈ-ટિકિટ બુક

### રેલવે દ્વારા નવો રેકોર્ડ સર્જવામાં આવ્યો : રેલવેમાં મુસાફરી કરનાર યાત્રીની સંખ્યામાં વધારો : ઇ ટિકિટની બોલબાલા : ત્રીજી વખત ૫ લાખથી વધુનું બુકીંગ

નવી દિલ્હી,તા. ૪

રેલવે ટિકિટ બુકીંગના મામલામાં નવો રેકોર્ડ સર્જાયો છે. પ્રાપ્ત અહેવાલ મુજબ સોમવારના દિવસે વિશેષ સિદ્ધિ રેલવેએ હાંસલ કરી હતી. એક જ દિવસમાં ૫.૭૨ લાખ રેલવે ઈ ટિકિટનું બુકીંગ કરવામાં આવ્યું હતું. આ પ્રકારના આંકડા રેલવે તંત્ર માટે પણ ખૂબ પ્રોત્સાહનજનક રહ્યા છે. આઈઆરસીટીસીના એક વરિષ્ઠ અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે બીજી ઓગસ્ટના દિવસે તેની વેબસાઈટ મારફતે ૫.૦૪ લાખ બુક કરવામાં આવ્યા હતા. જ્યારે બીજી સપ્ટેમ્બરના દિવસે આ સંખ્યા વધીને ૫.૭૨ લાખ થઈ ગઈ હતી.

આ વર્ષે આવું ત્રીજી વખત બન્યું છે જ્યારે આ સાઈટ મારફતે એક જ દિવસમાં ૫ લાખથી વધુ ટિકિટ બુકીંગ કરવામાં આવ્યા છે. આ સાઈટ મારફતે આ વર્ષે ઓગસ્ટ મહિનામાં ૧૩૫ લાખ ઈટિકિટનું બુકીંગ કરવામાં આવ્યું છે જે એટલે કે સરેરાશ ૪.૩૪ લાખનું દરરોજ બુકીંગ થયું છે. રેલવેમાં મુસાફરી કરનાર લોકોની સંખ્યામાં પણ વધારો થયો છે. છેલ્લા નાણાંકીય વર્ષ ૨૦૧૨-૧૩માં ઓગસ્ટમાં સરેરાશ ૩.૮૫ લાખ ટિકીટનું દરરોજના હિસાબથી કુલ ૧૨૩ લાખ ઈટિકિટનું બુકીંગ થયું હતું.

## વિદેશી રોકાણ અંકુશને હળવા કરવા માટે નિર્ણય

મુંબઈ,તા. ૪

આરબીઆઈએ વિદેશી મૂડીરોકાણના નિયંત્રણોને કેટલાક અંશે હળવા બનાવી દીધા છે. આરબીઆઈએ રૂપિયાને ટોકા આપવા પગલા લીધા બાદ સ્થિતિમાં સુધાર થઈ રહ્યો છે. સીરિયા પર મર્યાદિત અમેરિકી હુમલા માટે તૈયારી ચાલી રહી છે ત્યારે વૈશ્વિક બજારોમાં ઉથલપાથલ ચાલીરહી છે. આરબીઆઈના વડા તરીકે રઘુરામ રાજને આજે જવાબદારી સંભાળી લીધા બાદ નવી આશા જાગી છે. આરબીઆઈએ આજે મૂડી પ્રવાહ પર ગયા મહિને લાદવામાં આવેલા નિયંત્રણો પૈકીના કેટલાક નિયંત્રણોને હળવા કર્યા હતા. રિઝર્વ બેંક હાલમાં ડોલરનું સીધી રીતે વેચાણ કરી રહી છે. નિવાસીઓ પાસેથી મૂડીપ્રવાહ પર ગયા મહિને નિયંત્રણો લાદવામાં આવ્યા હતા.

## રઘુરામ રાજને આરબીઆઈના વડાની જવાબદારી સંભાળી

### રૂપિયાને સ્થિર કરવા સહિત ઘણા પડકાર : એશિયાનું ત્રીજુ સૌથી મોટુ અર્થતંત્ર ભારત ૧૯૯૦-૯૧ બાદથી સૌથી ગંભીર કટોકટીમાં છે : નિષ્ણાંતનો અભિપ્રાય

નવી દિલ્હી,તા. ૪

રઘુરામ રાજને આજે ડોલર સામે રૂપિયામાં થઈ રહેલા ધોવાણની



સ્થિતિ વચ્ચે આરબીઆઈના ગવર્નર તરીકેનો ચાર્જ સંભાળી લીધો હતો. હાલમાં આર્થિક આંધી આવેલી છે ત્યારે રઘુરામ રાજને મોટી જવાબદારી સંભાળી છે. ૫૦ વર્ષીય રાજન અર્થશાસ્ત્રના પ્રોફેસર છે. તેઓ ઈન્ટરનેશનલ મોનિટરી ફંડમાં ચીફ ઈકોનોમિસ્ટ તરીકે પણ સેવા આપી ચુકયા છે. ૫૦ વર્ષીય રાજને ડી સુબ્બારાવ પાસેથી આરબીઆઈના વડા તરીકેની જવબાદારી સંભાળી લીધી છે. અહેવાલમાં જણાવવામાં આવ્યુ છે કે રાજને રિઝર્વ બેંકના ૨૩મા ગવર્નર તરીકેના પેપરો પર હસ્તાક્ષર કર્યા હતા. ડી સુબ્બારાવ અને રાજને એક બીજા સાથે હાથ પણ મીલાવ્યા હતા. રઘુરામ રાજન પાસેથી ઘણી અપેક્ષાઓ રાખવામાં આવી રહી છે. ડોલર સામે રૂપિયાના પતનને રોકવા માટે પણ તેમને કેટલાક પગલા લેવા પડશે. રૂપિયાની હાલત કફોડી બનેલી છે. આ ઉપરાંત મોંઘવારી આસમાને છે. આવી સ્થિતિમાં આરબીઆઈ પાસે પણ વધારે વિકલ્પ નથી છતાં પણ એક અર્થશાસ્ત્રી તરીકે અને તેમના અનુભવને જોતા એમ માનવામાં આવે છે કે તેઓ આવાનર દિવસોમાં ઘણા પગલા લઈ શકશે. સરકાર સાથે હાથ મિલાવીને તેઓને આગળ વધીને અર્થતંત્રમાં નવા પ્રાણ ફુકવા માટે પગલા લેવા પડશે. છેલ્લા બે દશકમાં ભારતીય અર્થતંત્ર સૌથી ચિંતાજનક કટોકટીમાંથી પસાર થઈ રહ્યુ છે.